# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર


જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા, પોરબંદર

ટેલી.નં.:- ૦૨૮૬-૨૨૨૦૮૦૦, ફેક્સ નં.:- ૨૨૨૦૮૦૧ Email Id :- dismgmt-por@gujarat.gov.in


## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ અન્વયેનું જાહેરનામું

નં. એમએજી/સી/કર્ફ્યુ/કોરોના/જા.ના/૨૫-૯/૨૦૨૧ તા.૨૫/૦૯/૨૦૨૧

વંચાણેઃ (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/સી/કર્ફ્યુ/કોરોના/જા.ના/૩૦૭-૧/૨૦૨૧, તા.30/07/૨૦૨૧

(૨) ગૃહવિભાગ, ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B, તા.૨૪/૦૯/૨૦૨૧

**-:: જાહેરનામું ::-**

નોવેલ કોરોના વાયરસ COVID-19 ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ હોય આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના ગૃહવિભાગ ધ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્યમાં કોવિડ-૧૯ ના સંક્રમણની બાબતને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૧ ના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B થી સમગ્ર રાજ્યમાં કેટલાક નિયંત્રણો મુકવામાં આવેલ છે.

રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિની પુનઃસમિક્ષા કરતા ગૃહ વિભાગના તા.૨૯/૦૭/૨૦૨૧ ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨/B થી સમગ્ર રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ નિયંત્રણોના સ્થાને નીચે મુજબના નિયંત્રણો તા.૨૫/૦૯/૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૧૦-૧૦-૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી અમલમાં મુકવામાં આવે છે.

રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લેતા ભારત સરકારશ્રીની સુચનાઓ ધ્યાને લેતા વંચાણે લીધા ક્રમ-(૨) માં દર્શાવેલ ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના હુકમથી વિશેષ સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ પોરબંદર જિલ્લાના વિસ્તાર માટે સરકારશ્રીના હુકમોનું ચુસ્તપણે અમલ થાય તે માટે જાહેરનામું બહાર પાડવા ઉકત હુકમથી સુચના થયેલ છે.

વાસ્તે, હું અશોક શર્મા, આઇ.એ.એસ, જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, ફોજદારી કાર્યરિતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪, The Disaster Management Act 2005ની કલમ-30 તથા કલમ-3૪ અને The Gujarat Epidemic Diseases COVID-19 Regulations, 2020ની કલમ-૨ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારો માટે નીચે મુજબના નિયંત્રણો મુકવા ફરમાવું છું,

(૧) **નિયંત્રણો**

A. તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ ,માર્કેટીંગ યાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર, રેસ્ટોરેન્ટસ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિઓ ચાલુ રાખી શકશે.

B. જીમ ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકશે.

C. જાહેર બાગ-બગીચાઓ રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ખુલ્લા રાખી શકાશે.



જીલ્લા મેજીસ્ટ્રેટ ની કચેરી પોરબંદર

D. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦ (ચારસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઇ યથાવત રહે છે.

E. અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી રહેશે.

F. તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન, ખુલ્લામાંમહત્તમ ૪૦૦ વ્યકિતઓપરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં)વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.

G. ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે બેચવાઇઝ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે ચાલુ રાખી શકાશે.

H. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે.

I. શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે.

J. વાંચનાલયો ૭૫% ક્ષમતા સાથેકોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકાશે.

K. પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટની નોન. એ.સી. બસ સેવાઓ ૧૦૦% ક્ષમતા સાથે (Standing not allowed) જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે.

L. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે.

M. સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળોમહત્તમ ૬૦% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે.

N. વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ મહત્તમ ૭૫% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે.

O. સ્પા સેન્ટરો બંધ રહેશે

P. ઉપરોકત A, B, G, J, K, L, M, N માં જણાવેલ બાબતો સંદર્ભમાં તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજિયાત રહેશે.જે વ્યકિતઓના RTPCR ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમાં RTPCR ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી/ હોસ્પિટલની Discharge Summaryની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુર્તજ વેક્સીનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે.

૨. નવરાત્રિ દરમિયાન સમગ્ર રાજયમાં રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી શેરી, સોસાયટી, ફલેટમાં ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં ગરબાનું આયોજન તેમજ દૂર્ગા પૂજા, શરદપૂર્ણિમા, દશેરાના તહેવારની ઉજવણી કરી શકાશે. ગરબા/ઉજવણીમાં ભાગ લેનાર દરેક વ્યકિતઓએ કોરોના વેકસિનના બે ડોઝ લીધેલ હોવા જોઇશે. આવા આયોજનમાં લાઉડ સ્પીકર/ધ્વનિ નિયંત્રણ અંગેના સુપ્રિમ કોર્ટના આદેશોનું પાલન કરવાનું રહેશે. પરંતુ રાજયમાં પાર્ટી પ્લોટ, કલબ, ખુલ્લી જગ્યાએ કે અન્ય કોઇપણ જગ્યાએ કે જ્યાં કોમર્શિયલ રીતે ગરબાનું આયોજન કરવામાં આવતું હોય તેવા સ્થળોએ નવરાત્રિની ઉજવણીની પરવાનગી આપવામાં આવશે નહી.

જીલ્લા મેજીસ્ટ્રેટ ની કચેરી પોરબંદર

(૩) અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતાં મુસાફરોને RTPCR Test સંબંધમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ લાગુ રહેશે.

(૪) તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## -:: અમલવારીનો સમયગાળો::-

આ હુકમ તા.૨૫/૦૯/૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાક થી તા.૧૦-૧૦-૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

## વિસ્તાર

આ હુકમ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામાની બજવણી વ્યક્તિગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરે સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકે થી પ્રસિધ્ધ થતાં વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/ કરાવીને પ્રસીધ્ધ કરશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૯ તથા The Gujarat Epidemic Diseases Act 1897 તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૨૫/૦૯/૨૦૨૧ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(અશોક શર્મા)
જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

નકલ સવિનય રવાના જાણ સારૂ::-

૧. માન.અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
૨. માન.અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
૩. માન.સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
૪. કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, જુના સચિવાલય, ગાંધીનગર તરફ.
૫. પોલીસ મહા નિર્દેશકશ્રી અને પોલીસ મહા નિરીક્ષકશ્રી, ગાંધીનગર. તરફ.
૬. અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઇન્ટે.), ગાંધીનગર તરફ.
૭. નિયામકશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર તરફ.

નકલ જય ભારત સહ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ : -

૧. મે.જિલ્લા ન્યાયધીશશ્રી, જિલ્લા ન્યાયાલય પોરબંદર તરફ
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર તરફ
૩. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફ

----- જાહેરનામાની નકલો આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. તો તાબાના અમલદારોને મોકલી આપી પ્રસિધ્ધી કરાવી અમલવારી કરવા સુચનાઆપવા સારૂં.

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે: -

૧. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પોરબંદર
૨. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, પોરબંદર અને કુતિયાણા

૩. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (ગ્રામ્ય/શહેર), પોરબંદર
૪. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, પોરબંદર .
આ જાહેરનામાની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા તથા સમગ્ર જીલ્લાના વિસ્તારોમાં રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિષયક જરૂરી કાર્યવાહી કરવા તથા સબબ, જાહેરનામાંની અમલવારી સુનિશ્ચિત કરાવવા જરૂરી પગલાં લેવા સારૂ.
૫. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ/પંચાયત), પોરબંદર
૬. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી પોરબંદર
૭. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પોરબંદર
૮. નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર
૯. મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયામક તંત્ર, પોરબંદર
૧૦. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, જુનાગઢ (મારફત ડેપો મેનેજરશ્રી, પોરબંદર)
૧૧. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, પોરબંદર(શહેર/ગ્રામ્ય), રાણાવાવ, કુતિયાણા
તરફ અમલ કરવા સારૂ.
૧૨. તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા તરફ અમલ કરવા સારૂ.
૧૩. સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, પોરબંદર તરફ
૧૪. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, નગરપાલીકા, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા
તરફ અમલ કરવા સારૂ.
૧૫. સબંધિત થાણા અમલદારશ્રીઓ, તમામ તરફ.(પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર મારફત)
પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખવા સારૂ.
૧૬. જિલ્લા સરકારી વકીલશ્રી, ડિસ્ટ્રિકટ કોર્ટ પોરબંદર તરફ
૧૭. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર તરફ
૧૮. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પોરબંદર તરફ
૧૯. સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, પોરબંદર તરફ.
સ્થાનિક વર્તમાન પત્રો, દૈનિક સમાચાર પત્રોમાં હુકમ વિના મુલ્યે પ્રસિધ્ધ કરી અત્રે નકલ મોકલવા નોંધ લેવા સારૂ.
૨૦. મેનેજરશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતું, રાજકોટ
ઉકત જાહેરનામું રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૧૦(દસ) નકલો અત્રે મોકલી આપવા વિનંતી.